समुद्री उत्पाद निर्यात विकास प्राधिकरण
(वाणिज्य एवं उद्योग मंत्रालय, भारत सरकार)
एम पी ई डी ए भवन, पनंपिल्ली एवन्यू
डाक पेटी सं. 4272, कौच्ची-682036, भारत

The Marine Products Export Development Authority
(Ministry of Commerce & Industry, Govt. of India)
MPEDA House, Panampilly Avenue
P.B. No. 4272, Kochi-682 036, India

फोन / Phone : 2311979, 2311901, 2311854, 2311803, 2313415, 2314468, 2315065
फैक्स / Fax : 91-484-2313361
E-mail : ho@mpeda.gov.in
Website : www.mpeda.com

**DRAFT PRESS RELEASE**

# ભારતે વર્ષ 2020-21માં 11,49,341 એમટી સીફૂડની નિકાસ કરી

- **કોવિડ, સુસ્ત બજારો, લોજીસ્ટિકલ સમસ્યાઓને કારણે 10.88 ટકાનો ઘટાડો, પરંતુ અંતિમ ક્વાર્ટરમાં સુધારોઃ એમપીઇડીએ ચેરમેન**
- **એક્વાકલ્ચર સેક્ટરનું સારું પ્રદર્શન, તિલાપિયા અને ઓર્નામેન્ટલ ફિશની નિકાસ વધી**

**કોચી, 02 જૂન, 2021:** કોવિડ મહામારી અને વિદેશી બજારોમાં સુસ્તતાની અસર ભારતીય સીફૂડ સેક્ટર ઉપર વર્તાઇ છે તથા વર્ષ 2020-21માં દેશમાંથી રૂ. 43,717.26 કરોડ (5.96 બિલિયન ડોલર)ના મૂલ્યની 11,49,341 એમટી મરિન પ્રોડક્ટ્સની નિકાસ થઇ છે, જે અગાઉના વર્ષના વોલ્યુમની તુલનામાં 10.88 ટકા નીચે છે.

યુએસએ, ચાઇના અને યુરોપિયન સંઘ (ઇયુ) મુખ્ય આયાતકારો હતાં તેમજ શ્રિંપે ટોચની નિકાસ ચીજ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે અને તેના પછીના ક્રમે ફ્રોઝન ફીશ છે.

વર્ષ 2019-20માં ભારતે રૂ. 46,662.85 કરોડ (6.68 બિલિયન યુએસ ડોલર)ના મૂલ્યના 12,89,651 એમટી સીફૂડની નિકાસ કરી હતી, જે વર્ષ 2020-21માં રૂપિયાની દ્રષ્ટિએ 6.31 ટકા તથા ડોલરના મૂલ્યમાં 10.81 ટકાનો ઘટાડો છે.

મરિન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમપીઇડીએ)ના ચેરમેન કે એસ શ્રીનિવાસે જણાવ્યું હતું કે, વર્ષના પ્રથમ અર્ધવાર્ષિકગાળામાં મહામારીની સીફૂડની નિકાસો ઉપર ભારે અસર થઇ હતી, પરંતુ વર્ષ 2020-21ના અંતિમ ક્વાર્ટરમાં તેમાં સારો સુધારો થયો છે. વધુમાં આ વર્ષમાં એક્વાકલ્ચર સેક્ટરે ડોલરની દ્રષ્ટિએ નિકાસ ચીજોમાં 67.99 ટકા તથા જથ્થાની દ્રષ્ટિએ 46.45 ટકા યોગદાન સાથે સારું પ્રદર્શન કર્યું છે. તે વર્ષ 2019-20ની તુલનામાં અનુક્રમે 4.41 ટકા અને 2.48 ટકા વધુ છે.

જથ્થાની દ્રષ્ટિએ ફ્રોઝન શ્રિંપે 51.36 ટકા અને કુલ ડોલરની આવકોમાં 74.31 ટકાનું યોગદાન આપ્યું છે. યુએસએ સૌથી મોટા આયાતકર્તા (2,72,041 એમટી) રહ્યું છે, જે બાદ ચાઇના (1,01,846 એમટી), ઇયુ (70,133 એમટી), જાપાન (40,502 એમટી), દક્ષિણ પૂર્વ એશિયા (38,389 એમટી) અને મધ્ય પૂર્વ (29,108 એમટી)ની આયાત કરી છે.

જોકે, શ્રિંપની નિકાસ ડોલરના મૂલ્યમાં 9.47 ટકા અને જથ્થાની દ્રષ્ટિએ 9.50 ટકા ઘટી છે. એકંદરે શ્રિંપની નિકાસ 5,90,275 એમટી રહી હતી, જે 4,426.19 મિલિયન ડોલર થવા પામે છે. વેન્નામેઇ (વ્હાઇટલેગ) શ્રિંપની નિકાસ વર્ષ 2020-21માં 5,12,204 એમટીથી ઘટીને 4,92,271 એમટી થઇ છે. ડોલરના મૂલ્યમાં કુલ

समुद्री उत्पाद निर्यात विकास प्राधिकरण
(वाणिज्य एवं उद्योग मंत्रालय, भारत सरकार)
एम पी ई डी ए भवन, पनंपिल्ली एवन्यू
डाक पेटी सं. 4272, कौच्ची-682036, भारत
The Marine Products Export Development Authority
(Ministry of Commerce & Industry, Govt. of India)
MPEDA House, Panampilly Avenue
P.B. No. 4272, Kochi-682 036, India
फोन Phone : 2311979, 2311901, 2311854, 2311803, 2313415, 2314468, 2315065
फैक्स Fax : 91-484-2313361
E-mail : ho@mpeda.gov.in
Website : www.mpeda.com

વેન્નામેઇ શ્રિંપની નિકાસોમાં 56.37 ટકા નિકાસ યુએસએમાં, ચાઇનામાં (15.13 ટકા), ઇયુમાં (7.83 ટકા), દક્ષિણ પૂર્વ એશિયામાં (5.76 ટકા), જાપાનમાં (4.96 ટકા) અને મધ્ય પૂર્વમાં (3.59 ટકા) નિકાસ થઇ છે.

બ્લેક ટાઇગર (પેનાયસ મોનોડોન) શ્રિંપ માટેના મોટા બજાર જાપાનનો ડોલરના મૂલ્યમાં હિસ્સો 39.68 ટકા રહી છે, જે બાદ યુએસએ (26.03 ટકા), દક્ષિણ પૂર્વ એશિયા (9.32 ટકા), ઇયુ (8.95 ટકા), મધ્ય પૂર્વ (6.04 ટકા) અને ચાઇના (3.76 ટકા) રહ્યો છે.

નિકાસ બાસ્કેટમાં ફ્રોઝન ફિશે જથ્થાની દ્રષ્ટિએ 16.37 ટકા અને ડોલરમાં આવકની દ્રષ્ટિએ 6.75 ટકાનો હિસ્સા સાથે બીજો ક્રમ જાળવી રાખ્યો છે. જોકે, જથ્થાની દ્રષ્ટિએ તેની નિકાસ 15.76 ટકા અને ડોલરમાં મૂલ્યની દ્રષ્ટિએ 21.67 ટકા ઘટી છે.

ત્રીજી કેટેગરી “અન્ય ચીજો” કે જેમાં સુરીમી (ફિશ પેસ્ટ) અને સુરીમી અનાલોગ (ઇમિટેશન) પ્રોડક્ટ્સ નોંધપાત્ર હિસ્સેદારી ધરાવે છે તેણે જથ્થાની અને રૂપિયાના મૂલ્યમાં અનુક્રમે 0.12 ટકા અને 0.26 ટકાની સાધારણ વૃદ્ધિ નોંધાવી છે, પરંતુ ડોલરના મૂલ્યમાં 5.02 ટકા ઘટી છે.

ફ્રોઝન સ્ક્વિડ અને ફ્રોઝન કટલફિશની નિકાસો વોલ્યુમની દ્રષ્ટિએ અનુક્રમે 30.19 ટકા અને 16.38 ટકા ઘટી છે. જોકે, ડ્રાય ચીજોમાં જથ્થા અને રૂપિયાના મૂલ્યમાં અનુક્રમે 1.47 ટકા અને 17 ટકાનો વધારો થયો છે.

મહામારીની સ્થિતિમાં મર્યાદિત એર કાર્ગો કનેક્ટિવિટીથી ચિલ્ડ ચીજો અને લાઇવ ચીજોની નિકાસ ઉપર નકારાત્મક અસર થતાં જથ્થાની દ્રષ્ટિએ તે અનુક્રમે 16.89 ટકા અને 39.91 ટકા ઘટી છે.

કેપ્ચર ફિશરિઝનું યોગદાન જથ્થાની દ્રષ્ટિએ 56.03 ટકાથી ઘટીને 53.55 ટકા અને ડોલરના મૂલ્યમાં 36.42 ટકાથી ઘટીને 32.01 ટકા થયું છે. જોકે, તિલપિયા અને ઓર્નામેન્ટલ ફિશનું પ્રદર્શન સારું રહેતાં જથ્થાની દ્રષ્ટિએ 55.83 ટકા અને 66.55 ટકા તેમજ ડોલરના મૂલ્યમાં અનુક્રમે 38.07 ટકા અને 14.63 ટકા વધ્યું છે. જથ્થાની દ્રષ્ટિએ ટ્યુનામાં 14.66 ટકાનો વધારો થયો છે, પરંતુ ડોલરમાં આવકો 7.39 ટકા ઘટી છે. ક્રેબ અને સ્કામ્પીની  નિકાસ જથ્થા અને મૂલ્ય બંન્નેમાં ઘટી છે.

યુએસએ 2,91,948 એમટીની આયાતો સાથે ડોલરની દ્રષ્ટિએ 41.15 ટકા હિસ્સા સાથે સૌથી મોટા ભારતીય સીફૂડ આયાતકર્તા તરીકે જળવાઇ રહ્યું છે. યુએસએમાં નિકાસ રૂપિયાના મૂલ્યમાં 0.48 ટકા વધી છે, પરંતુ જથ્થા અને ડોલરની દ્રષ્ટિએ અનુક્રમે 4.34 ટકા અને 4.35 ટકા ઘટી છે. યુએસએમાં સૌથી વધુ ફ્રોઝન શ્રિંપની નિકાસ થઇ છે તેમજ વન્નામેઇ શ્રિંપની જથ્થાની દ્રષ્ટિએ નિકાસ 6.75 ટકા વધી છે. જોકે, તેની બ્લેક ટાઇગર શ્રિંપની આયાત જથ્થા અને ડોલરની દ્રષ્ટિએ અનુક્રમે 70.96 ટકા અને 65.24 ટકા ઘટી છે.

ચાઇના 939.17 મિલિયન ડોલરના મૂલ્યના 2,18,343 એમટી સીફૂડ સાથે બીજા ક્રમનું સૌથી મોટું માર્કેટ રહ્યું છે તેમજ ડોલરમાં આવકોમાં તેનો હિસ્સો 15.77 ટકા અને જથ્થાની દ્રષ્ટિએ 19 ટકા છે. જોકે, ચાઇનામાં

समुद्री उत्पाद निर्यात विकास प्राधिकरण
(वाणिज्य एवं उद्योग मंत्रालय, भारत सरकार)
एम पी ई डी ए भवन, पनंपिल्ली एवन्यू
डाक पेटी सं. 4272, कौच्ची-682036, भारत

The Marine Products Export Development Authority
(Ministry of Commerce & Industry, Govt. of India)
MPEDA House, Panampilly Avenue
P.B. No. 4272, Kochi-682 036, India

फोन Phone : 2311979, 2311901, 2311854, 2311803, 2313415, 2314468, 2315065
फैक्स Fax : 91-484-2313361
E-mail : ho@mpeda.gov.in
Website : www.mpeda.com

નિકાસ જથ્થા અને ડોલરના મૂલ્યમાં અનુક્રમે 33.73 ટકા અને 31.68 ટકા ઘટી છે. ચાઇનામાં મુખ્ય આઇટમ તરીકે ફ્રોઝન શ્રિંપની નિકાસ થઇ છે તથા જથ્થાની દ્રષ્ટિએ તેનો હિસ્સો 46.64 ટકા અને ડોલરમાં આવકમાં તેનો હિસ્સો 61.87 ટકા છે.

યુરોપિયન સંઘ ડોલરમાં મૂલ્યની દ્રષ્ટિએ 13.80 ટકા સાથે ત્રીજા ક્રમનું સૌથી મોટું બજાર રહ્યું છે, જેણે મુખ્ય આઇટમ તરીકે ફ્રોઝન શ્રિંપની આયાત કરી છે. જોકે, ઇયુમાં ફ્રોઝન શ્રિંપની નિકાસ જથ્થા અને ડોલરના મૂલ્યમાં અનુક્રમે 5.27 ટકા અને 6.48 ટકા ઘટી છે.

દક્ષિણ પૂર્વ એશિયાનો હિસ્સો ડોલરના મૂલ્યમાં 11.17 ટકા રહ્યો છે. જોકે, જથ્થા અને ડોલરમાં આવકોની દ્રષ્ટિએ તે અનુક્રમે 2.56 ટકા અને 5.73 ટકા ઘટી છે. પાંચમાં ક્રમના સૌથી મોટા આયાતકર્તા જાપાનનો હિસ્સો ડોલરના મૂલ્યમાં 6.92 ટકા તથા જથ્થાની દ્રષ્ટિએ નિકાસ 10.52 ટકા વધી છે, પરંતુ ડોલરમાં મૂલ્યની દ્રષ્ટિએ 2.42 ટકા ઘટી છે.

છઠ્ઠા સૌથી મોટા બજાર મધ્ય પૂર્વમાં ડોલરના મૂલ્યમાં હિસ્સો 4.22 ટકા રહ્યો છે. જથ્થા અને ડોલરની દ્રષ્ટિએ નિકાસ અનુક્રમે 15.30 ટકા અને 15.51 ટકા ઘટી છે. નિકાસ કરાયેલી ચીજોમાં સૌથી વધુ ફ્રોઝન શ્રિંપની નિકાસ થઇ છે, જેનો ડોલરની દ્રષ્ટિએ હિસ્સો 72.23 ટકા રહ્યો છે.

શ્રીનિવાસે જણાવ્યું હતું કે મહામારીની અસર ઉપરાંત બીજા પરિબળોને કારણે વર્ષ 2020-21માં સીફૂડની નિકાસને નકારાત્મક અસર થઇ છે. ઉત્પાદન મોરચે ઓછા ફિશિંગ દિવસો કારણે ફિશ લેન્ડિંગ માં ઘટાડો, ધીમા લોજીસ્ટિક અને બજારની અનિશ્ચિતતા, ફિશિંગ અને પ્રોસેસિં પ્લાન્ટમાં કામદારોની અછત, સીપોર્ટ્સ ઉપર કન્ટેનર્સની અછત કારણભૂત છે. એર ફ્રેઇટ ચાર્જીસમાં વધારો તેમજ ફ્લાઇટની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે વિશેષ કરીને હાઇ-વેલ્યુ ચિલ્ડ અને લાઇવ પ્રોડક્ટ્સની નિકાસને અસર થઇ છે.

વિદેશી બજારોની સ્થિતિની પણ અસર થઇ છે. ચાઇનામાં કન્ટેનરની અછત, ફ્રેઇટ ચાર્જીસમાં વધારો તથા સીફૂડ કન્સાઇનમેન્ટ ઉપર કોવિડ ટેસ્ટિંગને કારણે બજારની અનિશ્ચિતતાને બળ મળ્યું હતું. યુએસએમાં કન્ટેનર્સની અછતને કારણે નિકાસકારોને સમયસર ઓર્ડર્સ આગળ ધપાવવામાં મૂશ્કેલી થઇ હતી. હોટલ, રેસ્ટોરાં અને કેફે સેગમેન્ટ બંધ હોવાથી માગને અસર થઇ હતી. જાપાન અને ઇયુમાં કોવિડને કારણે લોકડાઉનથી રિટેઇલ, રેસ્ટોરાં, સુપરમાર્કેટ્સ અને હોટલનો વપરાશ ઘટ્યો હતો.

ENDS